શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

મો. ૮૨૦૦૫૧૧૮૩૧

# શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ સંચાલિત

## (હોસ્ટેલમાં પ્રવેશ મેળવવાની અરજી)

## હોસ્ટેલ પ્રવેશ ફોર્મ

તારીખ,____________

ફોટો

ગૃહપતિ સાહેબ,

જત જણાવવાનુકે હું નીચે સહી

કરનાર ______________________ ગામ ____________ ના રહીશ તરીકે જણાવું છું કે, આપના ગુરુકુલ સંચાલિત હોસ્ટેલમાં મારો પુત્ર ____________ ને દાખલ કરવા માગું છું અને સંસ્થા દ્વારા નક્કી કરેલ પ્રવેશ ફી ભરીને ખાત્રી આપું છું કે મારો પુત્ર સંસ્થા દ્વારા નક્કી કરેલ નીતિ-નિયમો અને ધારાધોરણોનું પાલન કરશે.

વિદ્યાર્થી નું પૂરું નામ અટક સાથે ______________________ જન્મ તારીખ ____________

વિદ્યાર્થી ના પિતાનું નામ ______________________ જ્ઞાતિ ____________ વ્યવસાય ____________

અરજદારના રહેઠાણનું પુરું સરનામું ______________________ પીન કોડ ____________

ટેલીફોન નં ____________ વિદ્યાર્થીના પિતા હયાત છે? ____________માતા હયાત છે ? ____________

વિદ્યાર્થી માં શારીરીક ખામીછે? ______________________

વિદ્યાર્થી ને ક્યા ધોરણમાં દાખલથવુંછે? ____________ અરજદારનો વિદ્યાથી સાથેનો સંબંધ ____________

વિદ્યાર્થી એ આ પહેલા કઇ શાળામાં અભ્યાસ કર્યો છે? ______________________

આ અગાઉ આ સંસ્થા જેવી કોઈ સંસ્થામાં દાખલ કરવામાં આવ્યો હોય તો તેનું નામ ______________________

છૂટા થવાનું કારણ ______________________

## નિયમો

(૧) આ સંસ્થામાં એડમીશન લેનાર વિદ્યાર્થી તેમની વાર્ષિક પ્રવેશ ફી નક્કી થયેલ હોય તે દાખલ થતી વખતે એકી સાથે આપવાની રહેશે અને કોઇ પણ સંજોગોમાં વિદ્યાર્થીએ ભરેલી ફી ની રકમ પરત મેળવી શકાશે નહિ. અને દાખલ થતી વખતે આ અગાઉ પાસ કરેલ પરીક્ષાની માર્ક સીટ તથા લીવીંગ સર્ટીફીકેટ સાથે આપવાના રહેશે.

(૨) સંસ્થામાં દાખલ થનાર વિદ્યાર્થીએ સંચાલકની આજ્ઞા અનુસાર વર્તવું પડશે અને સીગારેટ, બીડી, તમાકુ, ગુટકા, મસાલા, ડુંગળી, લસણ, નાટક સિનેમા અને રાત્રિ પાર્ટી વગેરે ભારતીય સંસ્કૃતિને છાજતુ ન હોય તેવું વર્તન સંસ્થામાં રહી ને કરી શકશે નહી. તેમજ ટેપ, ટ્રાન્ઝીસ્ટર મોબાઇલ તથા અન્ય ઇલેક્ટ્રીક વસ્તુ રાખી શકશે નહીં.

(3) વિદ્યાર્થી આ સંસ્થા ના સંચાલકની પરવાનગી વગર ઘેર કે બજારમાં જઇ શકશે નહીં. અને સંસ્થામાં રહી ચોરી કરતાં કે બિભત્સ શબ્દ બોલતાં તથા સંસ્થાની મિલ્કતને નુકશાન પહોચાડતા પકડાશે તો વાલીને જાણ કર્યા વિના વિદ્યાર્થીને તાત્કાલિક સંસ્થા છોડી જવાની ફરજ પાડવામાં આવશે અને નુકશાનીનો ખર્ચ વિદ્યાર્થી પાસેથી વસુલ કરવામાં આવશે.

(૪) સંસ્થામાંથી આપવામાં આવેલ વસ્તુઓ જેવી કે, ગાદલાં, ઓશીકાં, પલંગ, પંખા, ટયુબલાઇટ અન્ય ઇલેક્ટ્રીક વસ્તુઓ કબાટ, રૂમ, વાસણ વગેરેનો વ્યવસ્થિત રીતે ઉપયોગ કરવાનો રહેશે. આ ચીજવસ્તુઓ વિદ્યાર્થીએ સંસ્થામાંથી જતી વખતે કોઇ પણ જાતની નુકશાની વગર સંસ્થાને પરત કરવાની રહેશે. જો ચીજવસ્તુ નુકશાનવાળી જણાશે અથવા સમયસર પરત કરવામાં નહિં આવે તો તેનો ખર્ચ વિદ્યાર્થી પાસેથી વસુલ કરવામાં આવાશે.

(૫) વિદ્યાર્થી સંચાલકની પરવાનગી વગર પોતાના વાલી અથવા મિત્ર વગેરે ને પોતાના રૂમમાં લઇ જઇ શકશે નહી અને રાત્રી રોકાણ માટે આશરો આપી શકશે નહી અને સંસ્થાના કોઇ પણ કર્મચારી સાથે ઉંચા અવાજે બોલી શકશે નહી.

(૬) વિદ્યાર્થી એ સવાર-સાંજ નક્કી કરેલા ટાઇમ પ્રમાણે ઉઠવું, સ્નાન, પુજા, ધ્યાન, પ્રાર્થના, દર્શન, સ્તુતિ વગેરે નિયમ પ્રમાણે કરવાનું રહેશે પ્રાર્થના કક્ષ કે ભોજન કક્ષમાં પ્રાર્થના અને દર્શન કરતી વખતે ખોટો ઘોંઘાટ, મસ્તી, તોફાન વગેરે કરવાં નહી અને બધાની સાથે શિસ્તબધ ઉભવાનું રહેશે

(૭) ભોજન કરતી વખતે ભગવાનની પ્રાર્થના કરી શાંતીથી ભોજન કરવાનું રહેશે અને સંસ્થાના નિયમાનુસાર તિલક ચાંદલો અને કંઠી રાખવી આવશ્યક છે.

(૮) કોઈ પણ વિદ્યાર્થી સંચાલકની પરવાનગી વગર પોતાનો રૂમ બદલાવી શકશે નહી અને સંસ્થામાં રહેતો વિદ્યાર્થી પાર્ટ ટાઇમ જોબ કરી શકશે નહિં અને પ્રાર્થનાના ટાઇમ ઉપર ટ્યુશન કે કોઈ અન્ય કલાસીસમાં જઈ શકશે નહિં.

(૯) આ સંસ્થામાં દાખલ થનાર વિદ્યાર્થી સોના-ચાંદીના ઘરેણાં કે મોંઘી વસ્તુ કે રોકડ રકમ રાખશે ને ગુમ થશે તો તેની જવાબદારી વિદ્યાર્થીની રહેશે. વિદ્યાર્થી સંસ્થામાંથી નાસી જાય, ગુમ થઈ જાય અથવા તેને કોઈ અકસ્માત નડે, વાગે કે કોઈ બીજી શારિરીક ઈજા થાય, માંદો પડે અથવા અચાનકપણે મૃત્યુ પણ નીપજે તો તેની જવાબદારી સંસ્થાના સંચાલકોના શીરે રહેશે નહિ.

(૧૦) વાલી કે વિદ્યાર્થી ને કોઈ ફરિયાદ હોય તો તે અંગે વાલી કે વિદ્યાર્થીએ રૂબરૂ લેખીતમાં ફરિયાદ આપવી તેમજ શિસ્તબધ્ધ રજુઆત કરવાની રહેશે.

(૧૧) આ ઉપરાંત જે નિયમો સંચાલક મંડળ તરફથી કરવામાં આવશે તે દરેક વિદ્યાર્થી અને તેમના વાલીને બંધનકર્તા રહેશે.

(૧૨) વાલીઓએ શાળા સમયદરમિયાન કે પ્રાર્થના સમયદરમિયાન વિદ્યાર્થીને મળવા આવવું નહિ.

(૧૩) સામાજિક પ્રસંગો કે અન્ય પ્રસંગો માટે અગાઉથી ગૃહપતિની રજા લઈ ત્યાર બાદ જ વિદ્યાર્થીને લેવા આવવું.

(૧૪) વિદ્યાર્થીને મળવા માટે મહિનાનાં પહેલા રવિવારે આવવું તથા બને તેમ સુકો નાસ્તો લઈ આવવો.

(૧૫) વિદ્યાર્થીઓના વાલીઓએ સાંજે ૫ થી ૬ દરમિયાન ફોન કરવો.

(૧૬) વિદ્યાર્થીઓને મળવા આવનાર વાલીએ પહેલા ગૃહપતિને મળવું ત્યાર બાદ જ વિદ્યાર્થીને મળવાનું રહેશે.

(૧૭) ઉપરોક્ત નિયમો વાલીઓએ ફરજિયાત પણે અનુસરવા તથા સંચાલકને સાથ સહકાર આપવો.

# વિદ્યાર્થીઓએ ધ્યાનમાં રાખવાનાં નિયમો

(૧) ગુરૂકુળનાં પ્રાંગણમાં વિદ્યાથીઓએ કચરો ફેંકવો નહી.

(૨) વિદ્યાર્થીઓએ અપશબ્દો બોલવા નહિ. સ્વામીશ્રી તથા ગૃહપતિની આજ્ઞાનું પાલન કરવું તથા તેમની સામે ઉચા અવાજે બોલવું નહિ તથા શિસ્તભર્યું વર્તન કરવું. વિદ્યાર્થીઓએ મારપીટ – ઝઘડા કરવા નહિ, કોઈ વિદ્યાર્થી હેરાન કરે તો ગૃહપતિને જાણ કરવી.

(૩) વિદ્યાથીએ પોતાનાં રૂમ અને પોતાના બેડ તેમજ કબાટની સફાઈ પોતાને જ રાખવાની રહેશે.

(૪) વિદ્યાર્થીઓએ ગુરૂકુળના ટાઈમ ટેબલ પ્રમાણે વર્તવું, કોઈ પણ વખતે લોબીમાં દોડા–દોડ કરવી નહિં.

(૫) વિદ્યાર્થીઓએ ઘરેથી લાવેલ નાસ્તા તથા અન્ય ચીજવસ્તુઓના કચરા કચરાપેટીમાં નાખવા.

(૬) વિદ્યાથીઓએ પોતાની વસ્તુની સંભાળ પોતે જ રાખવાની રહેશે. વિદ્યાર્થીઓને ઘરેથી કાંઈ પણ મંગાવવાનું થાય તો ગૃહપતિની સહી વાળી ચિઠ્ઠી ઘરે મોકલવી અને વસ્તુ મંગાવવી.

(૭) બાથરૂમની ફર્શ પર લપસી જવાય તે રીતે બાથરૂમમાં મસ્તી કરવી નહિ. અન્ય વિદ્યાર્થીઓને ચીડવવું નહિ તથા તેમની સાથે મસ્તી કરવી નહિ.

(૮) નિયમ પ્રમાણે વિદ્યાર્થીઓને પોતાનું લેશન કરવાનું રહેશે.

(૯) ઉપરોક્ત નિયમો વિદ્યાર્થીઓએ ફરજિયાત પણે પાળવાના રહેશે. નિયમોનું ઉલંઘન કરનાર વિદ્યાર્થી સજાને પાત્ર થશે.

ઉપર જણાવેલ નિયમો મેં અને મારા પુત્રએ વાચ્યાં છે. આ નિયમ પ્રમાણે વર્તવા હું અને મારા પુત્ર બન્ને ખાત્રી આપીએ છીએ અને આ અંગે આપની રૂબરૂમાં અમે બન્ને જણ સહી કરીએ છીએ.

વાલીની સહી ______________________________

વિદ્યાર્થીની સહી ______________________________

દાખલ કરનારની સહી ______________________________

ગૃહપતિ ______________________________

નોંધ –